# રાજકોટ મહાનગરપાલિકામાં જુનિયર ક્લાર્કની ભરતી

રાજકોટ મહાનગરપાલિકાની ખાલી જગ્યાઓ માટે કેટેગરી વાઈઝ ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે WWW.RMC.GOV.IN પર લોગ-ઇન કરી રિક્રુટમેન્ટ સેક્શન મારફતે અરજી કરવાની રહેશે. તેમજ ફી માત્ર ઓનલાઇન મોડથી જ ભરવાની રહેશે.

**જગ્યાની કુલ સંખ્યા : ૧૨૨** | **અરજી કરવાની છેલ્લી તારીખ ૯-૨-૨૦૨૧**

**શૈક્ષણિક લાયકાત અને પગારધોરણ :**

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિનઅનામત (સામાન્ય) | આ.ન.વ. | સા.શૈ.પ. | અનુ. જાતી | અનુ. જન જાતી | બિનઅનામત (સામાન્ય) | આ.ન.વ. | સા.શૈ.પ. | અનુ. જાતી | અનુ. જન જાતી | શારીરિક અશક્ત |
| ૧ | જુનિયર ક્લાર્ક | ૧૨૨ | ૪૨ | ૨૨ | ૨૩ | ૦૮ | ૨૭ | ૧૪ | ૦૭ | ૦૭ | ૦૨ | ૦૯ | ૦૩ |

| | |
|---|---|
| જુનિયર ક્લાર્ક, લાયકાત : | ૧ માન્ય યુનિવર્સીટીના કોઈ પણ વિદ્યાશાખાના સ્નાતક.<br>૨ ઉમેદવારે જે વિદ્યાશાખામાં સ્નાતકની પદવી મેળવેલ હોય તેના છેલ્લા વર્ષમાં (જો સેમેસ્ટર સિસ્ટમમાં અભ્યાસ કરેલ હોય તો સ્નાતક અભ્યાસક્રમના છેલ્લા વર્ષ દરમ્યાનના બધા સેમેસ્ટર મળીને) પરીક્ષાના કુલ ગુણ માંથી ઓછામાં ઓછા ૫૦% ગુણ મેળવેલ હોય અને પરીક્ષા પ્રથમ પ્રયત્ને પાસ કરેલ હોય તેવા ઉમેદવારોને ધ્યાને લેવાના રહેશે.<br>૩ સરકારશ્રી દ્વારા વખતોવખત નિયત થતી કોમ્પ્યુટર વિષયક લાયકાત ધરાવતા હોવા જોઈએ.<br>૪. અંગ્રેજી/ગુજરાતીમાં ડેટા એન્ટ્રી વર્ક માટે કોમ્પ્યુટર ટાઈપીંગની ચોક્કસાઈપૂર્વકની ન્યુનતમ ૫૦૦૦ (કી ડીપ્રેસન પર અવર)/૧૭ WPM(વર્ડ પર મિનિટ) ની સ્પીડ ધરાવતા હોવા જોઈએ (સ્પીડ વીથ એક્યુરેસી). |
| પગારધોરણ અને વયમર્યાદા : | પાંચ વર્ષ માટે ફિક્સ પગાર રૂ.૧૯૯૫૦/- અને પાંચ વર્ષની સંતોષકારક સેવા બાદ જગ્યાની જરૂરિયાતને ધ્યાને લઈને સાતમાં પગારપંચ મુજબ પે મેટ્રીક્સ, લેવલ- ૨, રૂ. ૧૯૯૦૦/-૬૩૨૦૦/- આપવા વિચારણા કરવામાં આવશે.<br>વયમર્યાદા:૧૮ થી ૩૦ વર્ષ |

**કોમ્પ્યુટર વિષયક લાયકાતઃ**

ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના સામાન્ય નિયમો-૧૯૬૭ ના નિયમ-૮(૧એ) ની જોગવાઈ મુજબ કોમ્પ્યુટર એપ્લીકેશનનું મૂળભૂત જ્ઞાન ધરાવતા હોવાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક :સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫. સાથેના પત્રક-૧ માં દર્શાવેલ અભ્યાસક્રમને કોમ્પ્યુટરનાં બેઝીક નોલેજ તરીકે જાહેર કરેલ છે. ઉમેદવાર ગુજરાતી અને હિન્દીનું પર્યાપ્ત જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

**નાગરિકત્વઃ**

પરીક્ષામાં પ્રવેશ માટે ઉમેદવાર (ક) ભારતનો નાગરિક અથવા (ખ) નેપાળનો પ્રજાજન (ગ) ભૂતાનનો પ્રજાજન અથવા(ઘ) ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી ૦૧/૦૧/૧૯૬૨ પહેલા ભારતમાં આવેલા તિબેટના નિર્વાસિત અથવા (ચ) પાકિસ્તાન, બર્મા,શ્રીલંકા અને પૂર્વ આફ્રિકાના દેશો- કેન્યા, યુગાન્ડા, વિયેતનામ, ઝામ્બીયા, મલાવી, ઝેર, ઈથોપિયા, યુનાઈટેડ, રિપબ્લિક ઓફ ટાન્ઝાનિયાના, દેશોમાંથી સ્થળાંતર કરી ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી આવેલ ભારતીય વ્યક્તિ, પરંતુ (ખ) થી (ચ) સુધીના પ્રકારમાની વ્યક્તિઓ ગુજરાત સરકાર પાસેથી પાત્રતા પ્રમાણપત્ર મેળવ્યું હોય તો જ નિમણૂંક માટે પાત્ર બનશે. આ જગ્યા માટે ઉમેદવાર ગુજરાત રાજ્યના વતની અને ગુજરાત રાજ્યના ડોમીસાઈલ હોવા જોઈએ.

**ઓનલાઇન અરજી કરતી વખતે ઉમેદવારે ધ્યાને લેવાની અગત્યની સુચનાઓ :**

- ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવા રાજકોટ મહાનગરપાલિકા માંગે ત્યારે અસલમાં (પ્રમાણિત નકલો સહિત) રજૂ કરવાના રહેશે. ચકાસણી દરમ્યાન ઓનલાઇન અરજી ફોર્મમાં ભરેલ વિગતો તથા પુરાવામાં ફેરફાર અથવા તફાવત જણાશે તો ઉમેદવારી રદબાતલ ગણવામાં આવશે.
- બિનઅનામત અને બિનઅનામત મહિલા ઉમેદવારોએ પરીક્ષા ફી પેટે રૂ.૫૦૦/- (પાંચસો) અને અન્ય કેટેગરીના ઉમેદવારોએ પરીક્ષા ફી પેટે રૂ.૨૫૦/- (બસ્સો પચાસ પુરા) માત્ર રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ પરથી ઓનલાઈન મોડથી જમા કરાવવાના રહેશે આ અરજી ફી માત્ર અને માત્ર ઓનલાઇન/નેટ બેન્કિંગથી જ સ્વીકારવામાં આવશે. અરજી ફી ભર્યા બાદ ઉમેદવારે પોતાનો અરજી નં. તથા ટ્રાન્ઝેકશન આઈ.ડી.સાચવી રાખવાના રહેશે. અરજી ફી ભર્યા બાદ રીફંડ આપવામાં આવશે નહિ. ફી ભર્યા વગરની અરજી રદ થવા પાત્ર રહેશે. અરજી ફી ન ભરનાર ઉમેદવારને કોઈ પણ પ્રકારની લેખિત પરીક્ષા/સ્ક્રીનિંગ ટેસ્ટ/મૌખિક ઈન્ટરવ્યુ પૈકી નિમણુંક અધિકારી દ્વારા જે કાર્યપદ્ધતિ નિયત કરવામાં આવશે તેમાં બેસવા દેવામાં આવશે નહિ.
- ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં જે પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ Upload કરેલ હોય, તે ફોટોગ્રાફની વધુ કોપીઓ પોતાની પાસે રાખવાની રહેશે અને ભરતી પ્રક્રિયા (લેખિત પરીક્ષા/ઇન્ટરવ્યુ/વિગેરે) સમયે તેવો જ ફોટોગ્રાફ જ કરવાનો રહેશે.
- કોઈપણ ઉમેદવાર એક જ જગ્યા માટે એક કરતાં વધુ અરજી કરશે તો તેઓની અરજી/અરજીઓ રદ કરવા અંગે નિર્ણય કરવાની સત્તા રાજકોટ મહાનગરપાલિકાની રહેશે.
- ઉમર, લાયકાત અને સંલગ્ન બાબતો ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજની માન્ય ગણવામાં આવશે.
- માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટમાં ગ્રેડ દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં માન્ય યુનિવર્સિટીનું કન્વર્ઝન કોષ્ટક રજૂ કરવાનું રહેશે.
- રાજકોટ મહાનગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીએ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે છેલ્લા માસની પગારસ્લીપ રજૂ કરવાની રહેશે. આ ઉપરાંત જો એક કરતાં વધુ હોદા ઉપર ફરજ બજાવેલ હોય તો પ્રમોશન કે સિલેકશનના હુકમની નકલ અવશ્યપણે રજૂ કરવાની રહેશે.
- અનામત જાતિના ઉમેદવારે તેની જાતિ અંગેનું (અનુ.જાતિ, અનુ.જન જાતિ, સા.શૈ.પ. તથા આર્થિક રીતે નબળા વર્ગ (EWS/બિ.અ.વ) અંગેનું ગુજરાત સરકારશ્રી દ્વારા નક્કી કરાયેલ નમૂના મુજબનું સરકારશ્રીના સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
- મૂળ ગુજરાતના હોય તેવા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ તથા આર્થિક રીતે નબળા વર્ગ (EWS/બિ.અ.વ.) ના ઉમેદવારોના કિસ્સામાં ઉપલી વયમર્યાદામાં પાંચ (૫) વર્ષની છૂટછાટ આપવામાં આવશે. ગુજરાત રાજ્ય સિવાયના અન્ય રાજ્ય દ્વારા ઇસ્યુ કરેલ ઉપરોક્ત જાતિના સર્ટી.ને આધારે અનામત અંગેનો કોઇ પણ લાભ મળવાપાત્ર રહેશે નહી.
- નિયમાનુસાર મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં પાંચ (૫) વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- મૂળ ગુજરાતના અનામત જાતિના ઉમેદવારે અનામત જગ્યા ઉપર કે બિનઅનામત જગ્યા ઉપર અરજી કરવાની છે કે કેમ ? તે ઓનલાઇન અરજી ફોર્મમાં સ્પષ્ટ જણાવવાનું રહેશે અને મૂળ ગુજરાતના અનામત જાતિના ઉમેદવારો બિનઅનામત જગ્યા ઉપર અરજી કરશે તો આવા ઉમેદવારોને બિનઅનામત જગ્યા ઉપર ઉમેદવારોને લાગુ પડતા ધારા-ધોરણો લાગુ પડશે.
- ઉમેદવારે ઓનલાઇન અરજીમાં જે જાતિ (કેટેગરી) દર્શાવેલ હશે તેમાં પાછળથી કેટેગરી બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

**સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે:**

- ઉમેદવારોએ જાતિ પ્રમાણપત્ર ઉપરાંત ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવાનું

(અનુસંધાન પાના નંબર-૭ ઉપર)

Editor and Published by Ashok Kalariya (Director of Information) on behalf of Directorate of Information. Block No. 19/1, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. Printed by Government Central Press, Nr. Gh-7 Circle, Sector-29, Gandhinagar-382029.